દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

બુધવાર ૧૯ ઓગસ્ટ, ૨૦૨૬

# છેક ૨૦૧૪થી ભરતી પરીક્ષાઓ રદ કરવાની જાહેરાત ઝારખંડમાં અનેક ગુંચવાડાઓ સર્જી શકે છે

દિલ્હીમાં જંતર મંતર પર દિવસો સુધી ચાલેલા કોકરોચ જનતા પાર્ટી અને વિદ્યાર્થીઓના આંદોલને દેશભરનું ધ્યાન ખેંચ્યું હતું. નીટ પરીક્ષામાં ગેરરીતિના મામલે શરૂ થયેલા આ આંદોલનને પગલે છેવટે કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ રાજીનામુ આપવું પડ્યું. આ આંદોલનની ચર્ચાઓ ચાલુ જ હતી ત્યાં ઝારખંડ રાજ્યમાં એક નવું આંદોલન શરૂ થઇ ગયું હતું. સરકારી ભરતી પરીક્ષાઓમાં ગેરરીતિ સામે નોકરી વાંચ્છુઓ વિરોધ પ્રદર્શનો કરી રહ્યા હતા. એક તબક્કે આ આંદોલનકારીઓ પર ઝારખંડ પોલીસે બળપ્રયોગ પણ કર્યો, અને દિવસોથી વિપક્ષોની ટીકાઓનો ભોગ બની રહેલા કેન્દ્રના મુખ્ય શાસક પક્ષ ભાજપને વિપક્ષને ઝૂડવાની કંઇક તક મળી ગઇ. ઝારખંડમાં જેએમએમની સરકાર છે. છેવટે આ સરકારે પણ આંદોલનકારીઓની મોટાભાગની માગણીઓ સ્વીકારીને નમતું જોખ્યું છે. ઝારખંડની હેમંત સોરેન સરકારે ઝારખંડ કર્મચારી પસંદગી આયોગ સંયુક્ત સ્નાતક સ્તરીય (JSSC-CGL) પરીક્ષા અને લખનૌ સ્થિત મેનેજમેન્ટ એજન્સી, ટીએસઆર ડેટા પ્રોસેસિંગ પ્રાઇવેટ લિમિટેડ (TDPL) દ્વારા લેવાયેલી તમામ ભરતીઓ રદ કરી દીધી છે.

મુખ્યમંત્રી હેમંત સોરેને એવી પણ જાહેરાત કરી કે 2014થી આઉટ સોર્સિંગ એજન્સી TDPL દ્વારા લેવાયેલી તમામ પરીક્ષાઓની તપાસ ક્રાઇમ ઇન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ(CID) દ્વારા કરવામાં આવશે. સોરેને વધુમાં જણાવ્યું હતું કે TDPL દ્વારા પ્રકાશિત પરિણામો પણ રદ ગણવામાં આવશે. સરકાર અને આંદોલનકારી વિદ્યાર્થીઓ વચ્ચેની વાતચીતના અગાઉના રાઉન્ડ અનિર્ણિત રહ્યા બાદ આ જાહેરાત કરવામાં આવી છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે સરકાર આંદોલનકારીઓ દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ પ્રત્યે ગંભીર હતી અને સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટે પ્રતિબદ્ધ છે. સોરેને જણાવ્યું, “છેલ્લા 24 દિવસથી વિદ્યાર્થીઓ આંદોલન કરી રહ્યા છે. મંત્રીઓના પેનલે આંદોલનકારીઓના પ્રશ્નો હલ કરવાનો પ્રયાસ કર્યો છે,” અને ઉમેર્યું કે તેમની ઘણી માંગણીઓ અગાઉ જ સ્વીકારી લેવામાં આવી હતી. 25 જુલાઈએ, જેપીએસસી (JPSC) અને જેએસએસસી-સીજીએલ (JSSC-CGL) સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કથિત અનિયમિતતાઓ અને પેપર લીકને લઈને વિદ્યાર્થીઓનું એક નાનું જૂથ રાંચીના બાપુ વાટિકા મેદાનમાં એકત્રિત થયું હતું. તે ટૂંક સમય જ દિલ્હીના જંતર-મંતર પર થયેલા આંદોલન જેવું એક મોટું વિદ્યાર્થી આંદોલન બની ગયું. ઝારખંડ લોકતાંત્રિક ક્રાંતિકારી મોર્ચા (JKLM) ના નેતા દેવેન્દ્ર નાથ મહતો અનિશ્ચિત મુદતની ભૂખ હડતાળ પર બેઠા હતા. અઠવાડિયાઓ પછી, અન્ય ઘણા વિદ્યાર્થીઓએ પણ ભૂખ હડતાળની જાહેરાત કરી દીધી. જેમ જેમ વિરોધ પ્રદર્શનો તેજ થયા, સરકારે સમસ્યા ઉકેલવા માટે આંદોલનકારી વિદ્યાર્થીઓને ચર્ચા માટે આમંત્રિત કર્યા. જોકે, વિદ્યાર્થીઓ સાથે વાતચીતના બહુવિધ રાઉન્ડ નિષ્ફળ જવાને કારણે અવરોધ યથાવત રહ્યો. 10 ઓગસ્ટે, આંદોલનકારી વિદ્યાર્થીઓએ રાજ્ય વિધાનસભા તરફ કૂચ કરી, જ્યાં તેમના પર લાઠીચાર્જ અને વોટર કેનનનો ઉપયોગ કરવામાં આવ્યો. દિલ્હીના આંદોલનની જ નાની આવૃતિ જાણે અહીં ભજવાઇ ગઇ. છેવટે પરીક્ષા રદ થવાની જાહેરાત થતા મહતોએ ઉપવાસનો અંત લાવવાની જાહેરાત તો કરી છે પરંતુ વિદ્યાર્થીઓ હજી સીબીઆઇ તપાસની માગ પર મક્કમ છે.

મુખ્યમંત્રી સોરેને જણાવ્યું કે સરકાર પાસે પરીક્ષાઓ યોજવા માટે પહેલેથી જ એક સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર(SOP) હતી, પરંતુ તેનું યોગ્ય પાલન કરવામાં આવ્યું નહોતું. તેમણે કહ્યું, “અમારી પાસે પહેલેથી જ SOP છે. પરંતુ SOPનું પાલન કરવામાં આવ્યું ન હતું. એટલા માટે તાજેતરના સમયમાં લેવાયેલી પરીક્ષાઓમાં ગરબડો જોવા મળી.” એસઓપીનું પાલન અગાઉની સરકારો અને તેમની સરકારે પણ કેમ ન કર્યું તેવો પ્રશ્ન જરૂર પૂછાઇ શકે છે. તેમણે ઉમેર્યું કે સરકાર પરીક્ષા પ્રણાલીને પારદર્શક રીતે સુધારવા માટે કામ કરશે.સોરેને જણાવ્યું કે સરકારે વિદ્યાર્થીઓની ફરિયાદો મેળવવા માટે એક પોર્ટલ પણ બનાવ્યું છે. પોર્ટલ દ્વારા પ્રાપ્ત ફરિયાદો આ મુદ્દાની તપાસ કરી રહેલી નિષ્ણાત ટીમ સાથે શેર કરવામાં આવશે. તેમણે જાહેરાત કરી કે વરિષ્ઠ સનદી અધિકારી અમિતાભ કૌશલના નેતૃત્વ હેઠળ પરીક્ષા સુધારણા માટેની એક સમિતિની રચનાની પણ જાહેરાત કરી છે. તેમણે એમ પણ જણાવ્યું કે CID અને સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ દ્વારા પરીક્ષાની ગેરરીતિઓની તપાસ દરમિયાન કેટલીક આશ્ચર્યજનક બાબતો સામે આવી છે. આ બાબતો આ તબક્કે જાહેર કરી શકાય તેમ નથી એમ તેમણે જણાવ્યું હતું. સોરેને આક્ષેપ કર્યો હતો કે ઝારખંડમાં કાર્યરત અનેક કંપનીઓ એક મોટા પરીક્ષા રેકેટમાં સંડોવાયેલી જણાય છે. આ મામલે ભવિષ્યમાં મોટા ધડાકા થઇ શકે છે પરંતુ છેક ૨૦૧૪થી થયેલી ભરતી પરીક્ષાઓ અને તેમના પરિણામો રદ કરવાની તેમણે જાહેરાત તો કરી દીધી છે પરંતુ આનાથી મોટા આંચકા સર્જાઇ શકે છે. જેએસએસસી-સીજીએલ (JSSC-CGL) પાસ કરીને સરકારી નોકરી મેળવનારા ઉમેદવારોએ ઝારખંડ સચિવાલય બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું અને દાવો કર્યો હતો કે જો પરીક્ષા રદ કરવામાં આવે તો આશરે 2,000 લોકો પોતાની નોકરી ગુમાવી શકે છે. આટલા વર્ષોની ભરતી પરીક્ષાઓ રદ કરવાથી તે પરીક્ષાઓ દ્વારા ભરતી થયેલા ઘણાને છૂટા કરવા પડી શકે છે અને તે બાબત ઝારખંડમાં અનેક ગુંચવાડાઓ અને સંઘર્ષો ઉભા કરી શકે છે.

# સહજીવન સ્વાસ્થ્ય વર્ધક અને તણાવ મુક્ત રહેવાનો રાજમાર્ગ બને છે

## અવારનવાર

**ડો.નાનક ભટ્ટ**

**સિગ્મન્ડ ફ્રોઈડ નામના માનસશાસ્ત્રીએ જગતના વિકાસ ક્રમને કામ (સેકસ) સાથે જોડી ઉત્ક્રાંતિ અને માનવ વર્તનને સમજવાનો પ્રયત્ન કર્યો**

પૃથ્વી પરના જીવિત પ્રાણીજગતમાં મનુષ્યને બાદ કરતાં જીવસૃષ્ટિના તમામ એકમો હજુ પણ ભયથી બચાવ, ભૂખ માટે સંઘર્ષ અને વંશવૃદ્ધિ માટે સમૂહ સાથે જોડાવા સિવાય કશો ઉદ્દેશ દાખવતા નથી. વિકાસક્રમમાં માણસને વિકસિત મગજ મળ્યું. સાથોસાથ તર્ક, અનુસંધાન અને આનંદની અનુભૂતિનાં કેન્દ્રો પણ મળ્યાં. આથી મનુષ્યએ આનંદિત રહેવાની અનેક રીતો શોધી કાઢી છે. કામ એ માનવ શરીર અને બુદ્ધિને આનંદિત રાખવા સાથે તણાવમુક્ત થવા માટેની શ્રેષ્ઠ પ્રક્રિયા છે. આપણા શાસ્ત્રોએ પણ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ જેવી સ્થિતિ દર્શાવી માનવજીવનને વધુ બળવત્તર અને સમૃદ્ધ બનાવવાનો પ્રયાસ કર્યો છે.

સ્ત્રીની ઉંમર ૧૩ વર્ષની થાય અને પુરુષની ઉંમર ૧૮ વર્ષની થાય તે પછી તેમના શરીરમાં આવતા રાસાયણિક ફેરફારો સાથે કામ એક રુચિ તરીકે ઊભરી આવે છે. શરીરમાં કામજન્ય સમન્વયથી પ્રજોત્પત્તિનો હેતુ પ્રાકૃતિક રીતે સધાય છે. પરંતુ બદલાતા સામાજિક પરિવેશમાં હવે કામજન્ય સ્થિતિને વિશેષ રીતે આનંદ સાથે જોડી દેવાની ઘેલછા વધી છે. એક વિષય તરીકે કામુકતા જગાવતી વાતો, તસવીરો અને નૃત્યો રજૂ કરીને કેટલાક લોકો ઊંચી કમાણી કરી રહ્યા છે. શરીરમાં ઉત્તેજના પ્રેરી શકે તેવાં માદક દ્રવ્યો લઈને શરીરના આનંદમાં વધારો કરતા રહેવાની અને સ્ટ્રેસ ફ્રી થવાની વૃત્તિ આજકાલ પ્રચલિત બની છે.

પ્રાચીનકાળમાં કામવૃત્તિનો ઉદ્દેશ વંશવૃદ્ધિ સાથે જોડાયેલો હતો. મધ્યકાલીન યુગમાં તેજસ્વી પ્રજાના નિર્માણ સાથે કામપ્રવૃત્તિને જોડવાનો વિચાર આકાર પામ્યો હતો. પરંતુ અર્વાચીન યુગમાં કામ આનંદ અને તણાવમુક્તિ સાથે જોડાયું છે. જો કે કામનાનો સુવિકસિત વિચાર અકાળે મૃત્યુ પામ્યો હોવાથી કામનાના વિકાસનો ખ્યાલ આધુનિક ભારતમાં વિકસતો અટકી ગયો છે.

આર્યોથી પહેલાંના સમયમાં કામ (સેક્સ) તાંત્રિક સાધનાનો એક પ્રકાર હતો. પરંતુ શંકરાચાર્યજીએ તાંત્રિકો અને કર્મકાંડીઓના સકંજામાંથી સમાજને મુક્તિ અપાવવા વૈદિક ધર્મનો વિચાર આગળ વધાર્યો. પોતાના વિચારને દૃઢીભૂત કરવા માટે પણ સમયની માંગ અનુસાર બ્રહ્મચર્યનું પાલન કરતા સંન્યાસીઓની પ્રતિષ્ઠિત પરંપરા રચી. આથી ગૃહસ્થ લોકોને બીજા સ્તરના નાગરિકો ગણવામાં આવ્યા. પરંતુ રાજ્યવ્યવસ્થા જેમ બળવત્તર બની તેમ રાજાઓ પ્રથમ સ્તરના નાગરિકની રૂએ કામજીવનનો આનંદ લેતા, અનેક પત્નીઓ રાખતા અને તેમાં ગૌરવ અનુભવતા. પરિણામે સ્થાપત્યમાં કોણાર્ક અને ખજુરાહો રચાયાં. રાગમાં બાહાર અને આશાવરી રચાયાં, રસમાં શ્રૃંગાર અને મુદ્રાઓમાં આસનો જાણીતાં થયાં. પરંતુ આ બધું એક ખાસ વર્ગ પૂરતું જ સીમિત રહ્યું હતું.

અંગ્રેજકાળમાં સૈનિકોના મનોરંજન માટે સ્ત્રીદેહનું જાહેર પ્રદર્શન, ગુલામ સ્ત્રીઓ સાથે મુક્ત આચારના નામે જાતીય શોષણ થવા લાગતાં કામ અધિકારના સ્વરૂપે જનસામાન્ય સુધી ફેલાયું. જોકે પોતાને સંસ્કારી ગણાવતા મધ્યમવર્ગ અને ગરીબ લોકો માટે તો કામ આજે પણ વંશવૃદ્ધિ માટેની પ્રવૃત્તિથી કંઈ વિશેષ રહ્યું નથી.

ગાંધીયુગમાં બ્રહ્મચર્યને જીવનની આચારસંહિતા તરીકે વિકસાવવા ભરપૂર પ્રયત્નો થયા. ૧૯૬૦થી ૧૯૮૦ના દાયકામાં રજનીશજીએ કામને માનવચેતના સાથે જોડી એક નવો અનુબંધ આપ્યો. માનવચેતનાના પ્રાગટ્યમાં કામ પણ એક મહત્ત્વનો સ્વીકાર છે, તેવું તેમણે પ્રસ્થાપિત કર્યું. નારીમુક્તિના હિમાયતીઓના ૧૯૫૦ પછીના આંદોલનમાં સ્ત્રીને જાતીય શોષણથી મુક્ત રહેવાનો અધિકાર અપાયો એટલું જ નહીં, પરંતુ દાયકાઓથી મૌન રહેલી સ્ત્રીઓ હવે પોતાના જાતીય આનંદના અધિકારની પણ વાત કરી શકી. આમ છતાં જીવનક્રમનાં લાખો વર્ષ વીતવા છતાં પૃથ્વી પરના બીજા જીવો માટે કામ પ્રજોત્પત્તિ સુધી જ મર્યાદિત રહ્યું છે. જ્યારે મનુષ્યજાતિએ કામને શરીરના આનંદ સાથે જોડી પ્રજોત્પત્તિના હેતુને ગૌણ બનાવ્યો છે. શરીરરચનાની રીતે સ્ત્રીઓને બાળજન્મની પ્રક્રિયામાં એકાંગી રીતે જોતરવાનું ન હોત તો સમાજવ્યવસ્થાની ઘણી ગૂંચો આપોઆપ ઉકેલાઈ જાત. પરંતુ સ્ત્રી શરીરની જૈવિક મર્યાદાની આડઅસર તરીકે પવિત્રતા, વફાદારી અને સરવાળે લગ્નના બંધનને સામાજિક મૂલ્ય તરીકે જાણીતું બનાવી દેવાયું છે. પરંતુ આધુનિક સમાજે જે સ્ત્રીઓને બાળકના જન્મની જવાબદારી ન જોઈતી હોય તેમને ગર્ભનિરોધક સાધનો અને દવાઓની મદદથી તેમાંથી મુક્ત રહેવાની મોકળાશ આપી છે. તેમ જ મિત્રભાવે સહજીવન જીવવા માગતાં સ્ત્રી-પુરુષને લિવ-ઈન રિલેશનની સમજ દ્વારા સાથે રહેવાનો ન્યાયિક અભિગમ અપનાવી બૌદ્ધિક કામને સમૃદ્ધ કર્યો છે.

આધુનિક યુગમાં તો બાળકના જન્મને પીડા અને ખર્ચાળ જીવન સાથે જોડી દેવામાં આવ્યો છે ત્યારે એઆઈના સહારે કામનાના આનંદનો હેતુ મજબૂત કરવામાં આવી રહ્યો છે.

સ્ત્રીઓની જૈવિક રચનાથી ઉદ્ભવેલા સૌંદર્યને જાહેરખબરનાં પાટિયાં પર, ફિલ્મના પડદે દેખાડવામાં આવે કે પછી રિસેપ્શનિસ્ટ તરીકે તેનો ઉપયોગ થાય; સ્ત્રીઓના સ્નેહ અને ધીરજના ગુણને શિક્ષક અને નર્સ તરીકેના વ્યવસાય સાથે જોડવામાં આવે કે પછી સ્ત્રીઓના મસ્તિષ્કના અગ્રભાગમાં રહેલા કોષોની પ્રગાઢતાનો કોઈ કંપનીના વફાદાર અધિકારી તરીકે ઉપયોગ કરવામાં આવે; અને વ્યવસાયના ભાગરૂપે સ્ત્રી-પુરુષ પોતાની અનુકૂળતા મુજબ પરસ્પરને કામ-આનંદ સાથે જોડી રાખે, તો પણ બૌદ્ધિક કામનો હેતુ તો સરતો નથી.

મધ્યયુગમાં પ્રચલિત બનેલો બૌદ્ધિક કામનો અભિગમ એટલે “સ્ત્રી અને પુરુષ શરીરની મુક્ત અભિવ્યક્તિ અને તેજસ્વી સંતાનોનું નિર્માણ”!

તમામ માતા-પિતા જાણે છે કે પોતાનું પહેલું સંતાન મહદંશે એક અકસ્માત હોય છે. માતા-પિતાના પ્રથમ બાળકની ભાવુકતાના મૂળમાં તો મા-બાપના પ્રથમ મિલનની સંવેદનશીલતા પડઘાય છે. પરંતુ પાંચેક વર્ષ વીત્યા પછી પતિ-પત્ની જાતીય વ્યવહાર પ્રત્યે વધુ આનંદિત અને ઓછાં સંવેદનશીલ બન્યાં હોય તે પછીનું બીજું બાળક તરવરાટ અને ચતુરાઈનું પ્રતીક બની રહે છે. આ અનુભવ તમામ સંસારીઓને છે. આ પરિવર્તનશીલતાનું કારણ પતિ-પત્નીના ઈન્ટેલેક્ચ્યુઅલ સેક્સમાં રહેલું છે, બદલાયેલી અવસ્થામાં થયેલા સમાયોજનમાં રહેલું છે.

આ ઈન્ટેલેક્ચ્યુઅલ સેક્સની વાત હવે ચર્ચાવી જોઈએ. સ્ત્રી-પુરુષના કામમાં બૌદ્ધિકતા જળવાઈ રહે તે અંગેના અભિગમની વાત ચર્ચાવી જોઈએ, જેથી આપણા દેશનું તમામ પહેલું સંતાન વધુ બુદ્ધિમાન બની રહે. બૌદ્ધિક કામ તાર્કિક બને, સ્વીકાર્ય બને તો બૌદ્ધિક કામ દ્વારા બૌદ્ધિક સંતાનોની ઉત્પત્તિના ખ્યાલને પ્રચલિત બનાવવા ક્યાંક પહેલ થાય તો નવા યુગનું મંડાણ સહેલું બની શકે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.


## પ્રાર્થનાની અસર

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

એક શિવ મંદિરમાં રોજ અનેક યાત્રાળુઓ દર્શન કરવા આવતા, તે શિવ મંદિરની સામે એક ગૌરીશંકર ઢાબા હતો અને ઘણાં યાત્રાળુઓ દર્શન બાદ ભોજન કરતા.

આ ઢાબામાં એક નવો માણસ કામ કરવા આવ્યો, તે હોશિયાર અને ચકોર હતો અને બધું કામ પણ સારી રીતે જાણતો હતો. તેણે જોયું કે એક સ્ત્રી ઢાબામાં બપોરે એક વાગે બહુ જ ગરદી હતી ત્યારે આવી અને ચુપચાપ એક થાળી જમીને ત્યાંથી



ગરદીનો લાભ લઈને પૈસા આપ્યા વિના નીકળી ગઈ. પહેલા દિવસે તે કઈ બોલ્યો નહિ.... બીજા દિવસે પણ ઢાબામાં બહુ ગરદી થઈ પછી દોઢ વાગે પેલી સ્ત્રી આવી જમીને પૈસા આપ્યા વિના ગરદીનો લાભ લઈને નીકળી ગઈ.

નોકરે ત્રીજે દિવસે બરાબર ધ્યાન રાખ્યું, જોયું તો પેલી સ્ત્રી મંદિરમાં ગઈ અને પછી મંદિરની બહાર આવી ઓટલા પર બેસી ગઈ જાણે ઢાબામાં ગરદી થવાની રાહ જોતી હોય. નોકર દોડીને શેઠ પાસે ગયો અને પેલી મંદિરના ઓટલે બેસેલી સ્ત્રી દેખાડતા બોલ્યો, ‘શેઠજી, હું છેલ્લા બે દિવસથી જોઉં છું કે આ સ્ત્રી એકદમ ગરદીના સમયે ઢાબામાં આવે છે અને થાળી જમીને પૈસા આપ્યા વિના સરકી જાય છે જુઓ આજે પણ અત્યારે ગરદી નથી એટલે નથી આવતી તે ગરદી થવાની રાહ જોઈ રહી છે તમે કહો તો તે આવે તેવી તેને પકડી લઉં.’ શેઠ ઉતાવળે બોલ્યા, ‘ના ના એવું કઈ કરવાની જરૂર નથી, તું અહીં નવો છે બાકી મને ખબર છે તે મહિનાઓથી આમ જ કરી રહી છે તે મંદિરની આસપાસ કચરો વીણવા વાળી છે. દુનિયામાં એકલી છે તું તેને પકડતો નહિ, તેને જમીને જવા દેજે કોઈ ધ્યાન આપતો નહિ સમજ્યો.’

હોશિયાર નોકર બોલ્યો, ‘પણ શેઠજી, તમારો ઢાબો છે કોઈ ભંડારો થોડો છે આમાં તો નુકસાન થશે.’

શેઠજી મંદિર તરફ ઈશારો કરતા બોલ્યા, ‘ભોલેનાથ બધાનો રખેવાળ છે કદાચ આ સ્ત્રીની જ પ્રાથના હોય કે આ ઢાબામાં બહુ ભીડ થઇ જાય એટલે હું ચુપચાપ ભરપેટ થાળી જમીને નીકળી જઈ શકું. મારા ઢાબાની રોજ ની ભીડ આ રોનક કદાચ તેની પ્રાર્થનાની જ અસર હોય. દરેક ઇન્સાન પોતાના ભાગ્યનું મેળવે છે તું કે હું કોઈને કઈ અપાતા નથી મારો ભોલેનાથ તેને ભરપેટ ભોજન આપે છે એટલે તું તારું કામ કરતો રહે અને તે સ્ત્રી જમીને પૈસા આપ્યા વિના જાય તો જવા દેજે.’

# મોદી અને ભાજપ યુવાનો સુધી કેવી રીતે પહોંચશે

## ફિંગર પ્રિન્ટ

**શેખર ઐયર**

**વડા પ્રધાને સાત પ્રવાહો એટલે કે ‘સપ્તધારા’નું અનાવરણ કર્યું છે, જે તેમના મતે 1947થી શરૂ થયેલી આઝાદીની શતાબ્દી સુધીની ભારતની યાત્રાને બળ આપશે**

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ 80મા સ્વતંત્રતા દિવસે આપેલા ભાષણમાં ટૂંકા ગાળાના એક્શન પ્લાનની સાથે દેશે લાંબા ગાળે કયા માર્ગે આગળ વધવું જોઈએ તેનો સમન્વય જોવા મળ્યો હતો. તેમણે એ વાતનો પણ સ્પષ્ટ ખ્યાલ આપ્યો છે કે વડા પ્રધાન અને ભાજપ આગામી પડકારોને કેવી રીતે જુએ છે. વડા પ્રધાને સાત પ્રવાહો એટલે કે ‘સપ્તધારા’નું અનાવરણ કર્યું છે, જે તેમના મતે 1947થી શરૂ થયેલી આઝાદીની શતાબ્દી સુધીની ભારતની યાત્રાને બળ આપશે. તેના સંપૂર્ણ અમલીકરણ માટે તેમણે પાંચથી સાત વર્ષની સમયમર્યાદા નક્કી કરી છે.

આનો અર્થ એ થયો કે મોદી નજીકના ભવિષ્યમાં પોતાની ભૂમિકા કે નેતૃત્વનો અંત જોતા નથી. તેમના રાજકીય વિરોધીઓ ભલે એ વાત પર અટકળો લગાવતા રહે કે તેઓ ક્યારે જશે, પરંતુ તેઓ ક્યાંય જઈ રહ્યા નથી. 2014માં વડા પ્રધાન બન્યા બાદ શરૂ કરાયેલા અધૂરા મિશનો પૂરાં કરવા માટે તેઓ મક્કમ છે. ભાજપને ભલે કેટલાક રાજકીય ઝટકા લાગ્યા હોય, પરંતુ મોદી ડર્યા વિના આગળ વધવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. લાલ કિલ્લાના મંચ પરથી તેમના દરેક સંબોધનની જેમ આ વખતે પણ તેમનો આ મુખ્ય સંદેશ હતો. તેમણે મેન્યુફેક્ચરિંગ એટલે કે ઉત્પાદન ક્ષેત્રને પ્રથમ સ્તંભ તરીકે યોગ્ય રીતે ઓળખ્યું છે, જેને પ્રાથમિકતા મળવી જોઈએ. દરેક વ્યક્તિ સહમત છે કે ભારતમાં બેરોજગારી અને યુવાનોમાં અસંતોષનો મોટો હિસ્સો મોટા પાયે મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવામાં મળેલી નિષ્ફળતામાંથી આવે છે. તેનું કારણ એ છે કે મેન્યુફેક્ચરિંગનો મોટો હિસ્સો અસંગઠિત ક્ષેત્રમાં છે, જે મોટી મૂડી અને હાઈ-ટેક ફેક્ટરીઓને બદલે નાની-નાની વર્કશોપ પૂરતો મર્યાદિત છે. કૃષિ અને ટેક્નોલોજીકલ ઈનોવેશન પર પણ ધ્યાન આપવાની જરૂર છે. આઈટી ઉદ્યોગ–જે એક સમયે ભારતીય અર્થતંત્ર અને મધ્યમ વર્ગની આકાંક્ષાઓનું ચાલકબળ હતો–તેણે એઆઈ ક્ષેત્રમાં થઈ રહેલા ઝડપી સંશોધનો સાથે ઝડપથી અનુકૂલન સાધવું પડશે.

આ સરકારે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણ પર ગર્વ અનુભવ્યો છે, તેથી ‘ગતિ શક્તિ’ તેના મુખ્ય સ્તંભોમાંથી એક હોય તેમાં કોઈ આશ્ચર્ય નથી. જોકે, સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભરતા મેળવવી વધુ કઠિન ધ્યેય હશે, કારણ કે સ્વદેશી કાર્યક્રમોની સફળતા મિશ્ર રહી છે અને સંરક્ષણ ખરીદીની પ્રક્રિયા પણ અત્યંત જટિલ છે. પુનઃપ્રાપ્ય ઊર્જા એટલે કે રિન્યુએબલ એનર્જી પરનું ધ્યાન આવકારદાયક છે. ખાસ કરીને એવા સમયે જ્યારે તેલના સંકટે દેશની નાણાકીય સ્થિતિને અસર કરી છે. વૈશ્વિક સ્તરે ભારતનો પ્રભાવ વધારવા માટે ‘સોફ્ટ પાવર’ પર ધ્યાન કેન્દ્રિત કરવું પણ હંમેશાં સારો વિચાર છે.

આગામી એક વર્ષમાં એક કરોડ લોકોને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની તાલીમ આપવાનો, સ્પર્ધાત્મક અને સરકારી પરીક્ષાઓ માટે મફત ઓનલાઈન કોચિંગ આપવાનો તથા ભવિષ્યના ઓલિમ્પિક દાવેદારોને શોધવા અને તાલીમ આપવા માટે દેશવ્યાપી અભિયાન ચલાવવાનો સરકારનો પ્રસ્તાવ ભાજપની એ રણનીતિનો ભાગ છે, જેના દ્વારા પક્ષ અને સરકાર વિરુદ્ધ ઊભી થયેલી નકારાત્મક ધારણાને બદલવા માગે છે. ભાજપે પોતાના સંચાર અને યુવાનો સુધી પહોંચવામાં રહેલી કેટલીક ખામીઓને ઓળખી છે, જેના કારણે વિદ્યાર્થીઓમાં અસંતોષ વધી શક્યો હોત અને એવી ધારણા ઊભી થઈ શકી હોત કે યુવાનોની ચિંતાઓ પર ધ્યાન આપવામાં આવતું નથી. તેથી હવે વિદ્યાર્થીઓ અને યુવાનો સાથે વધુ જોડાણ સાધવા પર ભાર મૂકવામાં આવશે.

પાર્ટીની શરૂઆતની પ્રતિક્રિયા અને સીજેપી નેતૃત્વ હેઠળના પ્રદર્શનકારીઓની લાગણીઓને ન સમજવાની જે ભૂલ થઈ હતી તેમાં હવે મોટા ફેરફાર જોવા મળી શકે છે. ભાજપના કેટલાક નેતાઓનું માનવું છે કે આ એક ખોટું પગલું હતું. પાર્ટીએ પોતાના યુવા મોરચા અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની વિદ્યાર્થી પાંખ, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી) દ્વારા પ્રદર્શનકારીઓ અને વિદ્યાર્થીઓ સાથે જોડાણ કરવું જોઈતું હતું. સાંભળવા મળે છે કે ભાજપે યુવાનો સુધી પહોંચવા માટે એક યોજના બનાવી છે, જેનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે સરકારને કોઈ દબાયેલો ગુસ્સો કે નિરાશાનો અચાનક સામનો ન કરવો પડે. ખાસ કરીને એવા સમયે જ્યારે પંજાબ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, મણિપુર અને ગોવામાં ચૂંટણીની તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે.

આઝાદી દિવસ છેલ્લા આઠ દાયકાની આપણી સિદ્ધિઓને યાદ કરવાનો અને ઉજવવાનો અવસર હતો. જોકે, ભૂતકાળના કારણે આપણે ભવિષ્યને ભૂલવું ન જોઈએ. 1947માં ભારતે જ્યારે પ્રથમ વખત આઝાદી મેળવી ત્યારે જેમ દુનિયા બદલાઈ રહી હતી, તેમ આજે પણ વિશ્વ નિર્ણાયક રીતે ફરી બદલાઈ રહ્યું છે. સવાલ એ છે કે શું રાજકીય નેતૃત્વ એ સુનિશ્ચિત કરી શકે છે કે આપણું લોકશાહી માળખું અત્યારે જે આસાન કે સુવિધાજનક લાગે છે તેમાં અટવાઈ જવાને બદલે લાંબા ગાળાના ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવાની દિશામાં આગળ વધે?

દાયકાઓથી ભારતનું રાજકારણ વાસ્તવિક કે કાલ્પનિક ઐતિહાસિક ભૂલોને સુધારવામાં અથવા આપણી પૂર્ણ આર્થિક ક્ષમતાને હાંસલ કરવાની યાત્રામાં આવતી મુશ્કેલીઓ ઘટાડવા માટેના અસ્થાયી ઉપાયો શોધવામાં જ કેન્દ્રિત રહ્યું છે. તાજેતરમાં થયેલા વિદ્યાર્થી વિરોધ પ્રદર્શનો–માત્ર દિલ્હીમાં જ નહીં, પરંતુ અન્ય રાજ્યોમાં પણ–એ ભૂતકાળ સામે લડવાને બદલે ભવિષ્યને સુરક્ષિત કરવાની જરૂરિયાતમાંથી ઊભી થયેલી સામૂહિક જાગૃતિ અને રાજકીય ઊર્જાના પુનરુત્થાનને દર્શાવ્યું છે.

આ વિરોધ પ્રદર્શનોનું નેતૃત્વ કરનાર નાગરિકોની નવી પેઢી, જેમાંથી કેટલાક તો હજુ મત આપવાની ઉંમરના પણ નથી, તેઓ એવી લોકશાહીના હકદાર છે જે ભવિષ્ય જીતવા માટે તેના યુવાનોની ઊર્જાને યોગ્ય દિશામાં વાળે. આ કાર્ય ભૂતકાળની સરખામણીમાં ગમે તેટલું પડકારજનક કેમ ન હોય, દેશે હવે ભવિષ્ય તરફ મક્કમ પગલાં ભરવાની જરૂર છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## શિક્ષણ દરેકને આર્થિક દ્રષ્ટિ એ પરવડે તેવું હોવું જોઈએ

દેશમાં 5 દાયકા પહેલા શિક્ષણ મેળવવાની વય 6 વર્ષ ની અને સરકારી શાળામાં જ આપવામા આવતું હતું. યોગ્ય શિક્ષણ મેળવવાનો દરેક નાગરિકનો બંધારણીય અધિકાર છે. શિક્ષણ મેળવવાથી કોઈને પણ વંચિત રાખી શકાય નહીં. પરંતુ છેલ્લાં કેટલાક વર્ષ મા એવી સ્થિતિનું નિર્માણ થવા પામેલ છે કે સરકારી શાળાઓ બંધ થઈ ખાનગી શાળા શરૂ થઇ રહી છે. વાલીઓ તેમના બાળકોને ભણાવવાનાં હેતુ, આર્થિક દૃષ્ટિ એ પરવડે તેમ ન હોવા છતા ખાનગી શાળામાં પ્રવેશ માટે પ્રયત્ન કરે છે. ગરીબ વર્ગના બાળકોના વાલીઓ ઊંચી ફી ભરીને ભણાવવા અસમર્થ હોવાથી આવા બાળકો અધવચ્ચે અભ્યાસ પડતો મૂકવાની વિચારી મજૂરી એ લાગી જાય જેના કારણે ગરીબ અને વંચિત વર્ગના બાળકો ઉચ્ચ શિક્ષણ મેળવવાની તક ગુમાવે છે. શિક્ષણ અને આરોગ્ય વિષયક સેવા સરકારના સીધા નિયંત્રણ હેઠળ અને બધાને પરવડે તેવી હોવી જોઈએ તો જ ગરીબ અને ધનિક વચ્ચેની અસમાનતા દૂર થશે. શિક્ષણ બધાને મળી રહે તો જ દેશનો ખરો વિકાસ કહેવાશે.

**સુરત - ચન્દ્રકાન્ત રાણા**

## ગુજરાતની દારૂબંધી

ગુજરાતની દારૂબંધીને 66 વર્ષ થયા છતાં દારૂબંધી સફળ થઈ શકી નથી સરકાર દારૂબંધી સફર બનાવવા ખૂબ જ મોટો ખર્ચો કરે છે તેમ છતાં પડોશી રાજયો માથી ગેરકાયદે આવતો ઈંગ્લિશ દારૂ રોકી શકાતો નથી અને ઘરગથ્થુ દેશી દારૂ બનતો હોય અને તે સરળતાથી મળતો હોય દારૂ પીનારાઓને રોકી શકાતા નથી હમણાં જ ડુમસમાં દારૂની બે જુદી જુદી મહેફિલ માણતા યુવાનો પકડાયા હતા તે દારૂબધીના 66 વર્ષ થયા છતા!ગુજરાતમાં બીજી કે હવે ત્રીજી પેઢીના અમુક યુવાનો પણ દારૂ પીએ છે. ત્યા દારૂ પીનારાઓ ને ગ્રાહક કે કરદાતા ગણવામા આવે છે અને ગુજરાતના નાગરિકો દારૂ પીયે તો તે ગુનેગાર! દેશમાં જ્યાં સુધી દારૂનું ઉત્પાદન થતું રહેશે ત્યાં સુધી દારૂબંધી વાળા રાજયોમાં બીજા રાજ્યો માંથી દારૂ આવતો રહેશે તેને કોઈપણ સંજોગોમાં રોકી શકાતો નથી તે આપણે જોઈ રહ્યા છીએ. ગુજરાત રાજ્ય દારૂબંધીને સફળ બનાવવા ઘણો મોટો ખર્ચો કરે છે તેમ છતાં દારૂબંધી સફળ થઈ શકી નથી દારૂ પીનારા મોટા વર્ગના લોકો દારૂબંધીને માનતાજ ના હોય તેના કારણે સરકાર ની અનેક કોષીશ છતા દારૂબંધી સફર થઈ શકી નથી તો પછી હવે નિષ્ફળ પુરવાર થયેલી દારૂબંધી હટાવી લેવી જોઈએ જેથી દારૂબંધી પાછળ થતો ખર્ચ અટકશે અને આબકારી આવક ચાલુ થશે.

**સુરત - વિજય તુઈવાલા**

## રેગિંગ પ્રથા બંધ થવી જોઈએ

આપણા દેશની કોલેજોમાંથી રેગિંગ પ્રથા સદંતર નાબૂદ થવી જોઈએ. રેગિંગમાં નવા વિદ્યાર્થીઓનું અપમાન, તેમની અશ્લિલ મજાક ઉડાડવી, ગાળો/ધમકી આપવી, શારીરિક અને માનસિક હેરાનગતિ કરવી, પૈસાની માગણી કરવી વગેરે... મેડિકલ અને એન્જિનિયરિંગ કોલેજોમાં રેગિંગ અટકાવવું હોય તો રેગિંગ કરતા વિદ્યાર્થીઓના કોલેજના એડમિશન કેન્સલ કરવા જોઈએ, ૨૦ લાખ રૂ.નો દંડ અને ૨૦ વર્ષની સજા, ઈન્ડ. મેડિકલ કાઉન્સિલે PG કરતા વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કેન્સલ કરવું વગેરે આકરામાં આકરી સજા કરવી. આ માટે એક સ્પેશિયલ રેગિંગ સ્ક્વોડ હોવી જોઈએ અને તેના ચીફ તરીકે કોઈ રીટાયર્ડ આર્મી ઓફિસરની નિમણૂંક થવી જોઈએ. જ્યાં સુધી રેગિંગ માટેના કાયદા કડક ન હશે અને આ કાયદાઓનો કડક રીતે અમલ ન થશે ત્યાં સુધી બિચારા નિર્દોષ જુનિયર વિદ્યાર્થીઓ તેમના સીનિયર દ્વારા હેરાન થતા રહેશે! ડો. હર્ષ પંડ્યાના કરુણ મૃત્યુ બાદ હવે સરકાર જાગશે?

**સુરત - ડો. કિરીટ ડુમસિયા**

## રેગિંગ મેડિકલ-કોલેજ માંજ કેમ?

ડૉક્ટર તમે પણ? ડૉક્ટર એટલે આપણે ભગવાન-મા-બાપ પછી કોઈનું સાંભળતા હોય તો એ છે ડૉક્ટર. પણ ઈતિહાસ જોઈ લો સૌથી વધારે રેગિંગ આ અધ્યાત્મમાં જ મેડિકલ કોલેજના અભ્યાસમાં જ થાય છે. મેડિકલ કોલેજના સ્ટુડન્ટ સિનીયર જુનીયર સ્ટુડન્ટ પર ધાક-જોહુકમી અને બેફામ વર્તણૂક કરે છે. આમે મેડિકલના સ્ટુડન્ટ માટે સાંભળ્યું છે એમાં બે મત નથી, ઘણાં સ્ટુડન્ટ આ રેગિંગના ત્રાસથી ડિપ્રેશનમાં આવી જાય છે અને અભ્યાસ છોડી ને જતાં રહે છે આવું વલણ જો આપણા ભવિષ્યના ડૉક્ટર બનવાના જો કરતા હોય તો સરમને કાનો માત્ર નથી એ પુરવાર થાય છે, આવામાનસીકતા માંથી મેડિકલ કોલેજના સ્ટુડન્ટ ને ઊગારો જે ડૉક્ટર આપણો ઈલાજ કોણ કરશે. તે આવા ડોકટરનો ઈલાજ કોણ કરશે આનો જવાબ કોણ પાસે છે. અમુક મેડિકલ કોલેજ તો રેગિંગનું ધામ બની ગયું છે, ખમ્મા કરો મારા ભાઈ-બહેનો ખમ્મા કરો.

**સુરત - તુષાર શાહ**

## ભક્ત કવિ તુલસીદાસ

સોનામાં સુગંધ ઉમેરાય તેમ ભક્તિ સાથે જ્યારે સાહિત્ય જોડાય છે ત્યારે બન્ને દિપી ઉઠે છે. એમાં પણ જ્યારે ચોક્કસ સંપ્રદાયના જ અનુયાયીના બનતા જ્યારે ભક્તિ વિવિધ સંપ્રદાયનું હકારાત્મક જોડાણ દર્શાવે છે ત્યારે ઉમંગ અને ઉત્સાહનું મોજું ફરી વળે છે. આવું જ કંઈક તુલસીદાસજીનું છે. તેમનું ભારતવર્ષમાં પ્રચલિત થયેલું રામચરિત માનસ તેમની રામ ભગવાન પ્રત્યેની નિષ્ઠાનું શ્રેષ્ઠ દ્રષ્ટાંત છે. તેમ છતાં દેવાધિદેવ મહાદેવનું મહાત્મ્ય દર્શાવતી તેમની એક ચોપાઈનો અર્થ કંઈક એવો છે કે શિવદ્રોહી મારો પ્રિય ક્યાંથી હોઈ શકે. પોતે શાંત પ્રકૃતિના હોવા છતા શોર્ય રસ થી દૂર નથી રહ્યા. લંકા જવા માટે સમુદ્ર માર્ગ નથી આપતો, તે પ્રસંગ સ્પષ્ટ શબ્દમાં તેઓ લખેશમ છે ‘ભય બીન પ્રીત નાહી જગમેં’. અન્ય એક ચોપાઈમાં ભગવાન શ્રીકૃષ્ણ માટે પણ લખે છે. મોર મુકુટ તજીને રણમોડ ધારણ કરો તો આ શીશ નમે. અંત માં એટલુ લખીશ કે સંસ્કૃતનુ વિશાળ જ્ઞાન, આટલી ઉંચી વિચાર ધારા તેમના માં હોવા છતા, રામચરિત માનસ જેવા ગ્રંથ તેમણે સરળ ભાષા માં જ લખેલા. આપણ ને કહે છે. ‘કામ જુ આવૈ કામરી, કા લૈ કરીઅ કુમાચ’. જો કામરી (કંબલ) થી કામ ચાલી જતું હોય તો ‘કાશ્મીરી શાલ’નું શું કામ છે? અસ્તુ.

**સુરત - ચેતન સુશીલ**

## શ્રદ્ધા કે અંધશ્રદ્ધા

દેવનાં મંદિરથી કે માનવીનાં ઘર સુધી, શ્રાવણ મહિનો એટલે તહેવારોની હારમાળા, શ્રદ્ધાળુંઓની શ્રદ્ધા ઉભરાવવા માંડે, અહીં કોઈની ધાર્મિક લાગણી દુભાય એવું કહેવાનો સહેજે આશય નથી, પણ આખ્ખું વર્ષ જેને મહાદેવનાં મંદિરનું પગથિયું નહિ ચઢ્યા હોય, અને એક લોટો જલ ચઢાવ્યું નહિ હોય, એવા પણ શ્રદ્ધાળુઓ મહાદેવનાં દર્શન માટે લાંબી કતારોમાં ઉભા રહેતા જોવા મળે છે, સારી વાત છે, દરેક ભક્તો પોતાની માનતા પ્રમાણે દૂધ, દહીં, ઘી, મધ જેવા પંચામૃત લઈને શિવલિંગ પર ચઢાવી મહાદેવને પ્રસન્ન કરવાની યાચના કરતા રહે છે,! પંચામૃત ચઢાવવા થી શું મહાદેવ પ્રસન્ન થઈ જશે,! જરા વિચારો તો ખરા,! જે દૂધ, દહીં, ઘી, મધ ચઢાવો છો એ સીધું ગટરમાં જાય છે, એ વસ્તુઓનો સદઉપયોગ કરી મંદિરની બહાર બેઠેલા ભિક્ષુક, અભ્યાગત ને આપવામાં આવે કે કોઈ જરૂરિયાત મંદની જઠરાગની ઠારવામાં આવે તો મહાદેવ આપો આપ પ્રસન્ન થઈ જશે,

**સુરત - દિવ્યેશ ફૈજા ભગત**

## આગામી SMC નાટ્ય સ્પર્ધા

પ્રતિવર્ષ યોજાતી આ SMC નાટ્ય સ્પર્ધાની સુરતના કલાકારો કાગડોળે રાહ જોતા હોયછે નાટ્યરસિક પ્રેક્ષકો પણ જ્યાં હોય તે હોલને છલકાવી દે છે. આ વર્ષની નાટ્ય સ્પર્ધા ‘અટલબિહારી વાજપાઈ’ હોલ, કતારગામ મુકામે યોજાઇ છે એની જાહેરાત થઇ ચુકી છે. જાણવા મળ્યા મુજબ ૪૦ થી ૫૦ જેટલા કાર્ડ તેમા પણ VIP અને VVIP કેટેગરીના પાસો હોદ્દેદારો ને લહાણી કરાય છે. તેમાંથી ૮૦% પાસો તો એમના ટેબલ પર કે ઘરે પડી રહે છે. આ કાયમની રામાયણ રહી છે. એક એવું પણ સૂચન થયું હતું કે સ્પર્ધાના નાટકો માટે ૧૦ દિવસના રૂ. ૨૦૦/- કે રૂ. ૨૫૦/-, અને દરરોજના રૂ. ૨૦/- કે ૨૫/- રૂા. ટિકિટ રાખી શકાય.. આને કારણે ઓડિટોરીયમમાં પ્રવેશ માટે અને પછી હોલમાં સર્જાતી અરાજકતા ચોક્કસ દુર થઇ શકે. VIP અને VVIP કાર્ડોનું પણ જરૂરી અને યોગ્ય વ્યક્તિઓને જ વિતરણ થાય એ ખુબ જરૂરી છે. હજુ સમય છે આ અંગે નિર્ણય લેવાનો.

**સુરત - વિજય મજમુદાર**